# વિસનગરમાં સજ્જડ બંધ : જિલ્લામાં મિશ્ર પ્રતિસાદ : કડામાં બસ સળગાવાઈ







મહેસાણામાં કાચા કામના કેદી એવા બલોલના પાટીદાર યુવાનના મોત બાદ આજે સતત ત્રીજા દિવસે પણ સ્થિતિ જૈસે થે જેવી રહી હતી. દરમિયાન આજે ઉત્તર ગુજરાત બંધના અપાયેલ એલાનને મહેસાણા જિલ્લામાં વિસનગરને બાદ કરતાં એકંદરે આંશિક પ્રતિસાદ સાંપડ્યો હતો. જિલ્લા મથક મહેસાણા શહેરમાં બંધનો મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. દરમિયાન આજે જિલ્લાના વિસનગરમાં સજ્જડ બંધ પળાયો હતો. તાલુકાના કડા નજીક ઉશ્કેરાયેલ ટોળાએ વિસનગર-બાપુનગર રૂટની એસ.ટી. બસને અટકાવી મુસાફરોને નીચે ઉતારી દઈ બસને આગ લગાડી હતી. આ બનાવને પગલે જિલ્લાના કેટલાક ધોરીમાર્ગો પર સલામતિના કારણસર એસ.ટી. બસ વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. બંધના એલાનને પગલે આજે પણ જિલ્લાભરના મહત્વના શહેરો નગરોમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો.

કેતન પટેલના મોત સંદર્ભે નામદાર મહેસાણા સેશન્સ કોર્ટ દ્વારા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ મહેસાણાને ઝડપથી જરૂરી તપાસ હાથ ધરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આમ છતાં મૃતક યુવાનના પિતા મહેન્દ્રભાઈ પટેલે પોતાને ન્યાય મળે તે માટે જવાબદારો સામે ગુનો નોંધી તેઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતાં મામલો તંગ બનતો જાય છે.

પાટીદાર યુવાનના કસ્ટોડિયલ ડેથને લઈને વિપક્ષના રાજકીય અગ્રણીઓની આવનજાવન વધી ગઈ છે. જેથી મામલો ભારે ગરમાયો છે.

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

અમદાવાદ,તા. ૮

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં આજે મેઘમહેર જારી રહી હતી. દક્ષિણ ગુજરાતના સુરતમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે અનેક જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા. જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. વાહનો અટવાઈ પડ્યા હતા. ભારે વરસાદના કારણે ઘણી જગ્યાઓએ ઘરમાં પણ પાણી ઘુસી ગયા હતા. બીજી બાજુ અમરેલી, જામનગરમાં પણ ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગ તરફથી દક્ષિણ ગુજરાત પ્રદેશ અને દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ તંત્ર સાવધાન થઈ ગયું છે. પ્રાપ્ત માહિતી મુજબ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં જોરદાર પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. ચાલાલા-ખાંભા રોડ ઉપર નાળુ ફાટી જવાના કારણે રસ્તા પર પાણી આવી ગયા હતા. આ વિસ્તારમાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડ્યો હોવાના અહેવાલ પણ મળ્યા છે. દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદ થયો હતો જેમાં વલસાડ, સુરતનો સમાવેશ થાય છે. સુરતમાં ભારે વરસાદના કારણે ઘણી જગ્યાઓએ વાહન અટવાઈ ગયા હતા જેમાં બીઆરટીએસ ગરનાળામાં ફસાઈ જતાં લોકોના જીવન ઉંચા થઈ ગયા હતા. બસમાં મુસાફરી કરી રહેલા તમામ ૪૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. સુરતમાં પ્રથમ વરસાદના કારણે જ તંત્રની પોલ ખુલી ગઈ હતી. વલસાડમાં પણ ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ જારી રહ્યો છે જેમાં અમરેલી અને જામનગરનો સમાવેશ થાય છે. ડાકોરમાં પણ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ખેડા જિલ્લાના ડાકોરમાં વરસાદ નોંધાયો છે. બીજી બાજુ કચ્છના ખાવડી નજીકના વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો છે. ખાવડીના બન્ની પાસીનામાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ મળ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્રમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી ચાર દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે.

### ભાજપ શાસિત પાલનપુર પાલિકાની ગુનાહિત બેદરકારી

## માનસરોવર તળાવમાં ગંદુ પાણી ઠાલવવા સામે એસ.ડી.એમ. સમક્ષ ફરિયાદ

પાલનપુર, તા. ૮

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની ગુન્હાહિત બેદરકારીના પાપે પાલનપુરની આન-બાન અને શાન સમા ઐતિહાસિક ધરોહર એવા માનસરોવર તળાવમાં ગટરનું ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું હોવાની બુમરાણ મચી છે. ત્યારે વિપક્ષના નેતાએ પાલિકા પ્રમુખને પક્ષકાર બનાવી પાલનપુર એસ.ડી.એમ. સમક્ષ ક્રિમિનલ પ્રોસિજરની કલમ-૧૩૩ અન્વયે ફરિયાદ કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં નવાબીકાળનું ઐતિહાસિક ધરોહર ધરાવતું માનસરોવર તળાવ આવેલું છે. જે તળાવમાં ભાજપ શાસિત પાલનપુર પાલિકાના વર્તમાન શાસકો દ્વારા ગટરના ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. જે અંગે અવારનવાર રજુઆત કરવા છતાં પરિણામ ન મળતા આખરે વિપક્ષના નેતા અમૃત જોશીએ સી.પી.સી.-૧૩૩ મુજબ



દાદ માંગતી ફરિયાદ દાખલ કરી છે.

વિપક્ષના નેતાએ કરેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, પાલનપુર પાલિકા દ્વારા સદરપુર ખાતે સર્વે નં.૮૫માં ઓક્સીડેશન પોન્ડ આવેલો છે. જ્યાં શહેરનું ગંદુ પાણી ઠલવાતું હતું. જોકે, આ જગ્યાને હેતુફેર કર્યા વિના વગર મંજુરીએ ત્યાં રાજીવ ગાંધી આવાસ યોજનાનું કામ શરૂ કરી દેવાયુ છે. જેના પગલે કરોડોના ખર્ચે બનાવેલ ઓક્સીડેશન પોન્ડ બંધ કરી ગટરના ગંદા પાણીનો માનસરોવર તળાવમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે. જેને કારણે માનસરોવર તળાવ નર્કાગારમાં ફેરવાઈ જતા ગંધાઈ ઉઠ્યું છે. અને રોગચાળો ફેલાવવાની શક્યતા બળવત્તર બની છે.

ચોમાસામાં માનસરોવર તળાવ છલકાઈ જતા ગટરનું ગંદુ પાણી વરસાદના પાણી સાથે આસપાસની સોસાયટીમાં ફરી વળશે. જેના કારણે સમગ્ર વિસ્તાર નર્કાગારમાં ફેરવાઈ જશે. માનસરોવર તળાવના વિકાસ માટે રૂ.૪૯ લાખ ફળવાયા છે. જોકે, પાલિકાના શાસકોએ આવાસ યોજનાના કોન્ટ્રાક્ટર સાથેની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરી ગટરનું ગંદુ પાણી માનસરોવરમાં ઠાલવી જાહેર આરોગ્ય સાથે ચેડાં કરવાની સાથે ગંભીર ગુનાહિત બેદરકારી દાખવી હોવાની રજુઆત સાથે વિપક્ષના નેતાએ ગટરનું ગંદુ પાણી માનસરોવર તળાવમાં ઠલવાતું અટકાવે તેવી દાદ માંગી છે.

## ખેડૂતો સદ્ધર હોવાની હાંસી ઉડાવનાર ભાજપને ખેડૂતો જવાબ આપશે

### મરવાનાં વાંકે જીવી રહેલાં કિસાનોને આર્થિક બેહાલ કરનાર ભાજપ સરકારને શ્વેતપત્ર જાહેર કરવા પડકાર : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૮

ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે આર્થિક બેહાલીમાં મુકાયેલા કિસાનપુત્રો આત્મહત્યા કરી રહ્યાં છે ત્યારે રાજ્યના કૃષિ મંત્રીએ ગુજરાતના ખેડૂતો સદ્ધર હોવાનુ જણાવી કિસાનોની ક્રૂર મશ્કરી કરી હોવાનો આક્રોશ વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે રાજ્યમાં ખેડૂતોની વાસ્તવિક સ્થિતિ અંગે શ્વેતપત્ર જાહેર કરવા ભાજપ સરકારને પડકાર ફેંક્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યુ છે કે ભાજપ સરકારની ખેડૂતવિરોધી નીતિનાં કારણે આર્થિક બેહાલીમાં મુકાયેલા કિસાનો દેશભરમાં આત્મહત્યા કરી રહ્યા છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ખેડૂતોનો ચરમસીમાએ પહોંચેલો આક્રોશ જલદ આંદોલન સ્વરૂપે વ્યક્ત થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ મરવાના વાંકે જીવી રહેલા ખેડૂતોની કૃષિ મંત્રી ચિમનભાઈ સાપરીયાએ હાંસી ઉડાવી પડતા ઉપર પાટુ માર્યુ છે. રાજ્યના ખેડૂતો રૂ. ૩૦૦ આપી ખેતમજૂરો રાખતા હોવાથી ખેડૂતો સદ્ધર છે અને આત્મહત્યા કરે નહી એવુ નિવેદન કરનાર ભાજપ સરકારે છેલ્લા બે દશકામાં કેટલા કિસાનોએ આત્મહત્યા કરી તેની વિગતો જાહેર કરવી જોઈએ.

કૃષિ ક્ષેત્રે ૧૦થી ૨૦ટકા સુધીના વિકાસ દરના ગપ્પા મારતી ભાજપ સરકારે કેટલા કિસાનોને વીજ જોડાણો મળ્યા અને હજુ કેટલા બાકી છે તે જણાવવું જોઈએ. એજન્સીઓને આર્થિક ફાયદો કરાવવા વડાપ્રધાન વીમા ફસલ યોજના અમલમાં મુકનાર ભાજપે કિસાનોનુ કેટલા રૂપિયા પ્રિમીયમ વસુલ્યુ અને પાક વિમામાં કેટલા કિસાનોને લાભ મળ્યો તે જાહેર કરવુ જોઈએ. ઉત્તરપ્રદેશની જાહેરાતની જેમ ગુજરાતમાં કેટલા કિસાનોનું દેવુ માફ કર્યુ ? બટાકા, ટામેટા અને અન્ય શાકભાજી રોડ ઉપર ફેંકતી વખતે કયા ખેડૂતો પાસે આવીને સરકાર ઉભી રહી ?

## અંબાજીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઉચ્ચ અધીકારીઓના બેઠક યોજાઈ

અંબાજી, તા.૮

રાજ્ય સરકાર નાં એક અભીગમ પ્રમાણે રાજ્ય નાં ૮ યાત્રાધામો સંપુર્ણ સ્વચ્છ અને પવિત્ર અને સુરક્ષીત બની રહે તે માટે એક અભીયાન હાથ ધરાયુ છે. જેનાં ભાગ રૂપે યાત્રાધામ અંબાજી ખાતે જીલ્લા કલેકટર દિલીપ રાણા તથા જીલ્લા પોલીસવડા નિરજ બડગુજર સહીત અન્ય અધીકારીઓ ની એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ નાં સચિવ કિરીટભાઈ અધવાર્યુ ખાસ ઉપસ્થીત રહ્યા હતા. ને અંબાજી માં અપાયેલાં સફાઈ કોંન્ટ્રાક્ટ બાબતે સમીક્ષા કરાઈ હતી. એટલુંજ નહીં અંબાજી માં આગામી સમય માં પ્લાસ્ટીક ને સંપુર્ણ પણે પ્રતિબંધીત કરવાનું હોઈ જીલ્લા કલેકટરે વેપારીઓ ને પ્લાસ્ટીક ની થેલીઓ સંપુર્ણ પણે બંધ કરી દેવાં અલ્ટીમેટમ આપ્યુ છે અને ત્યાર બાદ જાહેરનામું પ્રસિધ્ધ કરી પ્લાસ્ટીક વેચનારાઓ સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરાશે. અને અંબાજી શહેર ની સુરક્ષા ને લઈ સીસીટીવી કેમેરાઓ લગાવવાં બાબતે પણ આજ ની બેઠક માં ચર્ચાઓ હાથ ધરાઈ હતી.

## પ્રાંતિજના અમીનપુર ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકા અમીનપુર ખાતે આવેલ



અમીનપુર પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો જેમાં ૧૭ બાળકોને શાળામાં પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવ્યો હતો .

અમીનપુર પ્રાથમિક શાળામાં ૨૦૧૭ નો શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો જેમાં શાળા પ્રવેશોત્સવમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ના અધ્યયક્ષ અસીત વોરા દ્વારા શાળામાં પ્રવેશ લઈ રહેલ ૧૭ ભુલકાઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને બેગ સહિત અભ્યાસ માટે કીટ નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું જયારે આ પ્રસંગે નિર્ભયસિંહ , શાળા આચાર્ય સવિતાબેન પટેલ , શિક્ષિકા ગીતાબેન રાવલ , શાળા સ્ટાફ , વાલીઓ સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે શાળા સંકુલ માં અસીત વૌરા દ્વારા આયોર્વેદિક વુક્ષો નું વુક્ષા રોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો.

### ફૂંકી માર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘુસણખોરીનો બીજો મોટો પ્રયાસ કરાયો છે જ્યારે ઉત્તર કાશ્મીરમાં એક પખવાડિયાની અંદર જ અંકુશરેખા ઉપર ઘુસણખોરીનો આ ચોથો મોટો પ્રયાસ કરાયો છે. સેનાએ ગઈકાલે કુંપવારાના માછીલ સેક્ટરમાં અંકુશરેખા પર ઘુસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ કર્યો હતો જેમાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ કાશ્મીરના ઉરી જિલ્લામાં અંકુશરેખા પર એક અથડામણમાં બે જવાન ઘાયલ થયા હતા. સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ ભારતીય છાવણીમાં ઘુસવાના પ્રયાસ પાંચ ત્રાસવાદીઓ દ્વારા કરાયા હતા. તમામને ઠાર કરાયા હતા. ૨૦૧૬ બાદથી ઉરીમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે તે વખતે આતંકવાદીઓએ સેનાના કેમ્પમાં હુમલો કર્યો હતો. જેમાં ૧૯ જવાનો શહીદ થયા હતા. આ જવાનો શહીદ થયા બાદ ભારતે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સર્જિકલ હુમલા કર્યા હતા અને મોટી સંખ્યામાં આતંકવાદીઓને ફૂંકી મારવામાં આવ્યા હતા. સાથે સાથે તેમના લોંચપેડ પણ ફુંકી મરાયા હતા.

### સ્થિત યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે. બીજી બાજુ શાંતિ જાળવી રાખવાની મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહે અપીલ કરી છે.હિંસાગ્રસ્ત વિસ્તારમાં સ્થિતિ સુધારવા વધારાના પોલીસ ફોર્સ મોકલી દેવામાં આવ્યા છે. આંદોલના કેન્દ્ર સમાન બની ગયેલા મંદસૌરમાં ઓમપ્રકાશ શ્રીવાસ્તવને નવા ડીએમ તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વિડિયો સંદેશો જારી કરીને ખેડૂતોને શાંતિ જાળવી રાખવાની અપીલ કરી છે. બીજી બાજુ એમપીના સાજાપુરમાં આગની ઘટનાઓ અને પથ્થરમારાની ઘટનામાં એસડીએમ ઘાયલ થયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. રેપિડ એક્શન ફોર્સની ટીમો પણ ગોઠવી દેવામાં આવી છે. ચૌહાણે વિડિયો સંદેશો જારી કરીને ખેડૂતોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. શિવરાજસિંહનું કહેવું છે કે, સરકાર ઉજ્જૈન, ઈન્દોર અને મંદસોર બાદ સાજાપુરમાં પણ આઠ રૂપિયા પ્રતિકિલોના દરેથી ખેડૂતો પાસેથી ડુંગળીની ખરીદી કરવાની શરૂઆત કરી દીધી છે. બીજી બાજુ કેન્દ્ર સરકાર પણ ચાંપતી નજર રાખી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે શાંતિ જાળવવા ખેડૂતોને અપીલ કરી છે.

### અટકાયત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર વાત કરી હતી. રાહુલ પીડિત પરિવારોને મળ્યા વગર પરત ફરવા ઈચ્છુક ન હતા. રાહુલે મંદસોરમાં ખેડૂતોના મોત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મધ્યપ્રદેશની શિવરાજસિંહ સરકારને જવાબદાર ઠેરવીને કહ્યું હતું કે, મોદી અમીરોના લોન માફ કરી શકે છે પરંતુ ખેડૂતો માટે આવું કરવાની સ્થિતિમાં નથી. તેમણે કહ્યું હતું કે, મોદી અમીરોના ૧.૫૦ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી શકે છે. ખેડૂતોને કૃષિ પેદાશોના યોગ્ય ભાવ મળી રહ્યા નથી. મોદી યોગ્ય ભાવ આપી રહ્યા નથી. બોનસ આપી રહ્યા નથી. તેમને વળતર આપી શકતા નથી. મોદી માત્ર બુલેટ આપી શકે છે. સેંકડો કોંગ્રેસી કાર્યકરો તથા રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ સચિન પાયલોટ અને મધ્યપ્રદેશના ધારાસભ્ય જયવર્ધન સિંહને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. તેમને એક સિમેન્ટ કંપનીના ગેસ્ટહાઉસમાં લઈ જવામાં આવ્યા હતા. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મધ્યપ્રદેશમાં પોલીસ ગોળીબારના મુદે શાબ્દિક યુદ્ધની શરૂઆત થઈ ચુકી છે. એક વિવાદાસ્પદ વિડિયો આ ગાળામાં સપાટી ઉપર આવતા આની ચર્ચા છે જેમાં કોંગ્રેસી ધારાસભ્ય ઉશ્કેરણીજનક કૃત્ય કરતા નજરે પડે છે. પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા બદલ રાહુલને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. રાજસ્થાનની સરહદ ઉપર નિમચમાં પોલીસે તેમને અટકાયતમાં લઈ લીધા હતા.

### દરરોજ બદલવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવે છે. પેટ્રોલ પંપના ઓટોમેશન અને વોટ્સએપ જેવા એપ આવ્યા બાદ હવે કંપનીઓ માટે ડિલરો સુધી તેલની કિંમતોની માહિતી પહોંચાડવાની બાબત ખુબ સરળ બની ગઈ જેથી દરરોજ કિંમતો નક્કી કરવાનો નિર્ણય કરાયો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતો હાલમાં એક મહિનામાં બે વખત સુધારવામાં આવે છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતો હવે દરરોજ બદલાતી જોવા મળશે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ આ વ્યવસ્થાને પાયલોટ સ્તર પર પહેલાથી જ લાગૂ કરી ચુકી છે. ઘણા વિકસિત દેશોમાં આ વ્યવસ્થા પહેલાથી જ અમલી છે જ્યાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો દરરોજના આધાર પર બદલવામાં આવે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દરરોજ ગ્રાહકો માટે કિંમત નક્કી કરવા યોગ્ય વ્યવસ્થા ગોઠવી રહી છે.

### ટ્રીપ રદ કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડ્યો હતો. જયારે શટલીયા વાહનચાલકોને બખ્ખા થઈ પડતા મુસાફરો પાસેથી મોં માગ્યું ભાડુ વસુલ્યું હતું.મુસાફરોને જીવના જોખમે પણ મુસાફરી કરવાની ફરજ પડી હતી.

મહેસાણામાં પાટીદાર યુવાનનું કસ્ટોડીયલ ડેથને પગલે મહેસાણા, વિસનગર સહિત ઉત્તર ગુજરાતમાં બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. આ બંધની અસર ઉત્તર ગુજરાતના શહેરમાં જોવા મળી હતી. ત્યારે આજે સવારના સમયે વિસનગર પાસે આવેલા કડા ગામ પાસે બસને સળગાવવામાં આવી હતી. જેના ભાગરુપે એસટી તંત્ર દ્વારા અન્ય બસો પર હુમલા ના થાય તેની તકેદારીના ભાગરુપે ઉતર ગુજરાત તરફ જતી બસોને જે તે ડેપોમાં અટકાવી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારે ગાંધીનગર ડેપોમાંથી અસંખ્ય બસો ઉતર ગુજરાત તરફ જતી હોય છે. ગાંધીનગરથી મોટાભાગનો બસ વ્યવહાર ઉતરગુજરાત સાથે સંકળાયેલ છે મુસાફરોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે આજે બપોર બાદ વિસનગર, મહેસાણા, વિજાપુર તરફની બસોને ગાંધીનગર ડેપોમાં અટકાવી દેવાઈ હતી. જેથી આ બસોમાં મુસાફરી કરી રહેલા મુસાફરો પણ માર્ગ વચાળે અટકાઈ પડતા ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. જયારે કેટલાક મુસાફરોએ ખાનગી વાહનનો આશરો લીધો હતો. ડેપોમાં બસો અટકાવી દેવાતા બસોથી ગાંધીનગર ડેપો છલકાઈ ગયું હતું. જયારે કેટલાક મુસાફરોએ પરિસ્થિતિને પગલે ડેપોમાં જ રોકાવાનો નિર્ણય લીધો હતો. જયારે ખાનગી વાહન ચાલકોએ ઘેટા-બકરાની જેમ મુસાફરોને બેસાડી મોં માંગ્યું ભાડું વસુલ્યું હતું. ત્યારે મુસાફરોએ મન કમને પણ ભાડું ચુકવવાનો વારો આવ્યો હતો જેથી શટલીયા વાહનચાલકોને બખ્ખા થઈ ગયા હતા.

### તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

ડૉક્ટરે કહ્યું કે વાયરલ ઈન્ફેકશન માટે પણ લોહીનો ટેસ્ટ થઈ શકે પણ એ આપણા નાના ગામમાં એ શક્ય નથી. એના માટે પુના લોહીનું સેમ્પલ મોકલવું પડે અને ત્યારે જ આપણને કયા પ્રકારનો વાયરસ છે એનું નિદાન બે અઠવાડીયા પછી મળી શકે. ત્યાં સુધી આપણને વાયરલ છે એમ માનીને જ રમીલાબહેનને દવા આપવી પડશે. રમીલાબહેનના સસરાએ કહ્યું કે સાહેબ આને ઝીકા વાયરસ તો નહીં હોય ને ? ગઈકાલના છાપામાં જ અમદાવાદમાં પણ ઝીકા વાયરસના કેસ પોઝીટીવ આવ્યા છે. તો રમીલાને ઝીકા વાયરસ તો નહીં હોય ને ? ડૉક્ટરે કહ્યું શક્યતા તો બધી જ રહેલી છે પણ રમીલાબહેન ફરવા માટે બહાર ગયા હતા ? ખાસ કરીને આફ્રિકા ? જો આફ્રિકા ગયા હોય તો ઝીકા વાયરસનું ઈન્ફેકશન લઈને ઘરે પાછા આવ્યા હોય એવું બને. રમીલાબહેનના સસરાએ કહ્યું ના.. ના... એ કંઈ પણ ગયા નથી. ડૉક્ટરે રમીલાબહેનને વાઈરલની દવા ચાલુ કરી. અને ભગવાનના ભરોસે કે સાચુ નિદાન અથવા તો વાયરસની ઈચ્છા... કે જેને લીધે બે દિવસમાં રમીલાબહેનનો તાવ ઉતરી ગયો. રમીલાબહેનના સસરા ડૉક્ટર ઉપર ખૂબ ખુશ થઈ ગયા.. અને ડૉક્ટરનો ખૂબ આભાર માન્યો. પણ એમણે ડૉક્ટરે પૂછ્યું કે સાહેબ, ઝીકા વાયરસ આપણા દેશમાં દેખાયો એ કેવી રીતે દેખાયો. જો કોઈ જગ્યા ઉપર એનો ટેસ્ટ થતો જ ન હોય તો ડૉક્ટરોએ ઝીકા વાયરસનું નિદાન કેવી રીતે કર્યું. ડૉક્ટરે કહ્યું મને કંઈ ખબર નથી.. મારે પણ તપાસ કરવી પડશે. ડૉક્ટરે એમના એક મિત્ર જે સિનિયર ફિઝીશિયન છે અને સિવિલ હૉસ્પિટલમાં વર્ષોથી સંકળાયેલા છે. તેમની પાસેથી ડૉક્ટરે ઝીકા વાયરસ માટે અને ઝીકા વાયરસના લોહીના ટેસ્ટ માટે જાણવા માટે પ્રયત્ન કર્યો. ડૉક્ટરે કહ્યું કે જેમ રમીલાબહેનમાં ડેન્ગ્યુ નેગેટીવ હતો.. ચિકનગુનિયા નેગેટીવ હતો... વાયરલ ઈન્ફેકશનમાં કઈ ખબર પડતી નહોતી એવા કેસમાં એક પીસીઆર (પોલીમરેઝ ચેઈન રીએકશન)થી ખાલી એકેડેમીક અભ્યાસ માટે અમે ટેસ્ટ કરતા હતા. જેમાં આવી ત્રણ બહેનો ઝીકા વાયરસ માટે પોઝેટીવ આવી હતી અને એ લોકો પ્રેગનેન્ટ પણ હતા અને એમની બેબીમાં પણ ઝીકા વાયરસના અવશેષો દેખાયા. ટૂંકમાં બધા જ ટેસ્ટ નેગેટીવ હોય, પ્લેટલેટ ઓછા હોય છતાં પણ તાવ આવતો હોય અને બધા જ લક્ષણ જો ડેન્ગ્યુ જેવા જ હોય કે ચિકનગુનિયા જેવા જ હોય તો તેવા દર્દીને ઝીકા વાયરસ માટે લોહીનો નમૂનો મોકલવો જોઈએ. જેનાથી ઝીકા વાયરસ છે કે નહીં તેની ખબર પડે. સમજ્યા... રમીલાબહેનના સસરા એવું ડૉક્ટરે મજાકમાં કહ્યું..